# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 20-07-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ માઇક્રોસોફ્ટવેરમાં ખામી સુધારાતા તેની સાથે સંકળાયેલી સેવાઓ પૂર્વવતઃ જોકે ભારતની નાણાકીય અને ચૂકવણી પ્રણાલિ પર ખાસ કોઇ અસર નહીં
- ✓ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આજે ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- ✓ કેન્દ્રીય ગૃહ મંત્રી આજે ઝારખંડના રાંચીમાં ભાજપની કાર્યકારી સમિતિમાં હાજરી આપશે
- ✓ બાંગલાદેશમાં અનામત આંદોલન હિંસક બનતા કરફ્યુ લદાયોઃ લશ્કરી દળો તૈનાત
- ✓ મહિલા એશિયા કપ ટી-20માં ભારતે પાકિસ્તાનને સાત વિકેટે પરાજય આપ્યો

## *IT OUTAGE*

**ગઈ કાલે આઇટી આઉટેજને કારણે કમ્પ્યુટર સિસ્ટમ પર અસર થતાં વિશ્વભરની એરલાઇન્સથી માંડીને હેલ્થકેર સેવાઓ પર ભારે અસર થયા બાદ સ્થિતિ પૂર્વવત થઈ રહી છે. માઇક્રોસોફ્ટ સોફ્ટવેર આઉટેજને કારણે વિશ્વમાં કરોડો લોકોને અસર થઈ હતી. અમેરિકન સાયબર સિક્યોરિટી ફર્મ ક્રાઉડસ્ટ્રાઇકે ખામીરહિત સોફ્ટવેર અપડેટ કરતાં માઇક્રોસોફ્ટની વિન્ડોઝ ઓપરેટિંગ સિસ્ટમ**

પર અસર થતાં વેપાર ઉદ્યોગ, બેન્કિંગ સેવાઓ, હોસ્પિટલ અને એરલાઇન્સની કામગીરી પર સૌથી વધુ અસર થઈ હતી.

આ સમસ્યાને પગલે ક્રાઉડસ્ટ્રાઇકના સીઇઓએ માફી માગી હતી અને જણાવ્યું હતું કે, સમસ્યાનો ઉકેલ આવી ગયો છે.

.................

## *RBI-IT OUTAGE*

માઈક્રોસોફ્ટ સેવાઓ બંધ થવાની અસરથી ભારતીય નાણાકીય અને ચુકવણી પ્રણાલીઓ  મોટાભાગે સુરક્ષિત રહી.

ભારતીય રિઝર્વ બેન્કે જણાવ્યું હતું કે તેણે તેની નિયંત્રિત સંસ્થાઓ પર માઈક્રોસોફ્ટ  સેવાઓ બંધ થવાની અસરનું મૂલ્યાંકન કર્યું છે, જેમાં જાણવા મળ્યું છે કે માત્ર 10 બેંકો અને  નોન-બેંકિંગ નાણાકીય નિગમ - N.B.F.C. માં નજીવા અવરોધો હતા જે સરળતાથી ઉકેલાઈ ગયા  હતા. RBI કહ્યું કે માત્ર કેટલીક બેંકો જ ક્રાઉડસ્ટ્રાઈક ટૂલનો ઉપયોગ કરી રહી છે.

ભારતીય રાષ્ટ્રીય ચુકવણી નિગમ – NPCIના મુખ્ય કાર્યકારી અધિકારી દિલીપ આસબેએ જણાવ્યું હતું કે વ્યાપકપણે લોકપ્રિય યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ-UPI સહિત દેશની પેમેન્ટ  સિસ્ટમ પર પણ કોઈ અસર થઈ નથી. R.B.I. તેની તમામ નિયમનકારી સંસ્થાઓને એક  એડવાઈઝરી જારી કરીને તેમને જાગ્રત રહેવા અને સરળ કામગીરી અને સાતત્ય સુનિશ્ચિત કરવા  માટે વ્યાપક પગલાં લેવા જણાવ્યું છે.

.................

## *GUJARAT-FLOOD*

ગુજરાતમાં છેલ્લાં બે દિવસથી સૌરાષ્ટ્રમાં અનરાધાર વરસાદ વરસી રહ્યો છે. પોરબંદરમાં 36 કલાકમાં 20  ઇંચ અને કલ્યાણપુરમાં 18 ઇંચ વરસાદ ખાબક્યો હતો.

સૌરાષ્ટ્રના કાંઠાના જિલ્લાઓમાં છેલ્લાં બે દિવસથી ભારે વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે.

ગઈકાલે સવારે છ વાગ્યાથી સાંજનાં આઠ વાગ્યા સુધીમાં 103 તાલુકામાં હળવાથી મધ્યમ વરસાદ પડ્યો હતો. સૌથી વધુ 12 ઇંચ વરસાદ દેવભૂમિ દ્વારકામાં અને આઠ ઇંચ વરસાદ પોરબંદરમાં પડ્યો હતો. આ બંને જિલ્લામાં મુશળધાર વરસાદને પગલે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા અને જનજીવન ખોરવાઈ ગયું હતું. 25 તાલુકામાં બે ઇંચથી વધુ વરસાદ પડ્યો હતો.

રાજ્યના રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું હતું કે, પુરગ્રસ્ત જિલ્લામાં એનડીઆરએફ અને એસડીઆરએફની 10-10 ટીમો ગોઠવવામાં આવી છે.

તેમણે જણાવ્યું કે, પુરમાં ફસાયેલા 45 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે નીચાણવાળા વિસ્તારોમાંથી 400 લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.

વરસાદને કારણે નવ રાજ્ય ધોરી માર્ગ સહિત 200થી વધુ રસ્તાઓનું ધોવાણ થયું છે. 350થી વધુ ગામડાઓમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો, જેમાંથી 300 ગામોનો વીજ પુરવઠો પૂર્વવત કરવામાં આવ્યો હતો.

રાજ્યના ૨૦૬ જળાશયોમાં કુલ સંગ્રહ ક્ષમતાનો ૩૬.૬૨ ટકા જેટલો સંગ્રહ થયો છે. સરદાર સરોવરમાં 54 ટકા વરસાદની આવક થઈ છે.

ગુજરાતનાં 13 ડેમ હાઇ એલર્ટ પર મૂકવામાં આવ્યા છે. ચોમાસાની મોસમમાં અત્યાર સુધીમાં 42 વ્યક્તિનાં મૃત્યુ નોંધાયા છે.

દરમિયાન હવામાન વિભાગે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નવ જિલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે.

..................

## *AMIT SHAH-JHARKHAND*

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અમિત શાહ આજે રાંચીની એક દિવસીય મુલાકાતે છે.

આ દરમિયાન શ્રી શાહ રાજ્યની વિસ્તૃત ભાજપ કાર્યકારી સમિતિની બેઠકને સંબોધિત કરશે અને પાર્ટીના રાજ્ય કોર જૂથની બેઠકમાં પણ ભાગ

લેશે. આ દરમિયાન તેમનો પાર્ટી કાર્યકર્તાઓ સાથે વાત કરવાનો કાર્યક્રમ પણ છે. ભાજપના પ્રદેશ પ્રમુખ બાબુલાલ મરાંડીએ કહ્યું કે શ્રી શાહ તાજેતરમાં પૂર્ણ થયેલી લોકસભા ચૂંટણીમાં ભાજપ અને એનડીએની ચૂંટણીમાં કામગીરીની સમીક્ષા કરશે. ઝારખંડમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની શક્યતા છે.

.................

## VAISHNAV-TECHNICAL EDUCATION

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર વિવિધ પહેલો દ્વારા સરકારી ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રના વિકાસ માટે પ્રયાસો કરી રહી છે.

તેમણે સરકારી ટેકનિકલ એન્જિનિયરિંગ સંસ્થાઓને નવા વિચારો લાવવા અને કેન્દ્ર સરકારને તાત્કાલિક દરખાસ્તો મોકલવા કહ્યું છે, જેથી તે તે મુજબ વધુ સારી સુવિધાઓ આપી શકે.

શ્રી વૈષ્ણવે મુંબઈમાં મહારાષ્ટ્રના ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ મંત્રી ચંદ્રકાંત દાદા પાટીલ સાથેની બેઠક દરમિયાન આ મુજબ જણાવ્યુ હતું. આ પ્રસંગે મહારાષ્ટ્ર રાજ્ય ટેકનિકલ શિક્ષણ બોર્ડના માધ્યમથી સ્થપાઇ રહેલા રોબોટિક્સ એન્ડ ઓટોમેશન અને ભારતીય ટેક્નોલૉજી સંસ્થા 3-ડી પેઈન્ટીંગમાં ઉત્કૃષ્ટતા કેન્દ્ર અંગે એક પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું.

.................

## PM MODI-VIETNAM LEADER

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિયેતનામના વરિષ્ઠ નેતા ન્ગુયેન ફૂ ટ્રોંગના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. તેમના સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે ભારત દુખની આ ઘડીમાં વિયેતનામના લોકો અને નેતૃત્વની સાથે છે.

વિયેતનામની સત્તારૂઢ પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટીના મહાસચિવ અને દેશના ટોચના નેતા 80 વર્ષીય ન્ગુયેન ફૂ ટ્રોંગનું ગઈકાલે અવસાન થયું હતું. પાર્ટીએ

એક નિવેદનમાં કહ્યું કે ટ્રોંગનું મૃત્યુ વૃદ્ધાવસ્થા અને ગંભીર બીમારીના કારણે થયું છે. ન્યુયેન ફૂ ટ્રોંગે 13 વર્ષ સુધી વિયેતનામમાં સૌથી ઉચ્ચ પદ સંભાળ્યું.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલૉ કરી શકો છો...

.................

## RESERVES IN BANGLADESH

બાંગલાદેશમાં અનામત મુદ્દે વિદ્યાર્થી આંદોલન હિંસક બનતા કરફ્યુ લાદવામાં આવ્યો છે. પરિસ્થિતિ કાબુમાં ન આવતા લશ્કરી દળો તૈનાત કરવામાં આવ્યા છે. સરકારી નોકરીઓમાં અનામત માટેની પધ્ધતિમાં સુધારાની માંગણી કરી રહેલા વિદ્યાર્થીઓ અને સલામતી દળો સાથેની અથડામણમાં અત્યાર સુધી 105 લોકોનાં મૃત્યુ થયા છે.

આ ઘટનાએ 15 વર્ષથી સત્તા પર રહેલા પ્રધાનમંત્રી શેખ હસીના સરકાર માટે પડકાર સર્જ્યો છે. શેખ હસીનાના પ્રેસ સેક્રેટરી નઇમુલ ઇસ્લામ ખાને જણાવ્યું કે, સરકારે કરફ્યુ લાદવાનો નિર્ણય લીધો છે.

દરમિયાન, ભારતના વિદેશ મંત્રાલયે બાંગલાદેશમાં રહેતા ભારતીય નાગરિકોને ઢાકામાં ભારતીય દૂતાવાસે જારી કરેલી માર્ગદર્શિકાનું પાલન કરવા વિનંતી કરી છે. ગઈ કાલે વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યુ હતું કે, બાંગલાદેશમાં આઠ હજાર 500 વિદ્યાર્થી સહિત 15 હજાર ભારતીય નાગરિકો વસે છે.

.................

## REV FOREIGN SECY BHUTAN

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ ગઈકાલે ભુતાનની રાજધાની થિમ્પુમાં ભુતાનના પ્રધાનમંત્રી  સેરીન તોબકે સાથે મુલાકાત કરી હતી.

ભારતે ભૂટાન સાથેના ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધો અને ભૂટાનની સરકાર અને લોકોની પ્રાથમિકતાઓને અનુરૂપ સંબંધોને વધુ મજબૂત કરવા માટે ભારતની મજબૂત પ્રતિબદ્ધતાની પુનઃ પુષ્ટિ કરી.

શ્રી મિસરી ભુતાનના વિદેશ મંત્રી ડી.એન. ધુંગયેલને પણ મળ્યા હતા. તેઓએ પરસ્પર હિતની દ્વિપક્ષીય બાબતો અને તમામ ક્ષેત્રોમાં અનુકરણીય દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત  કરવાના અંગે ચર્ચા કરી. વિદેશ સચિવ ગઈકાલે બે દિવસની ઔપચારિક મુલાકાતે થિમ્પુ પહોંચ્યા હતા.

..................

## WOMEN'S CRICKET

મહિલા એશિયા કપ T-20 ક્રિકેટમાં ભારતે શ્રીલંકાના દામ્બુલામાં તેની પ્રથમ ગ્રુપ મેચમાં  પાકિસ્તાનને 7 વિકેટે પરાજય આપ્યો હતો.

જીતવા માટેના 109 રનના લક્ષ્યાંકનો પીછો કરતા  ભારતીય ટીમે 7 વિકેટ અને 35 બોલ બાકી રહેતા લક્ષ્યાંક હાંસલ કરી લીધો હતો. પ્રથમ બેટિંગ કરતા પાકિસ્તાનની ટીમ 19 ઓવર અને બે બોલમાં 108 રનમાં ઓલ આઉટ થઈ હતી.

ભારતીય ઓપનર શેફાલી વર્માએ 40 રન અને સ્મૃતિ મંધાનાએ 45 રન બનાવ્યા હતા. જ્યારે દીપ્તિ શર્માએ માત્ર 20 રનમાં ત્રણ વિકેટ ઝડપી હતી. દીપ્તિ શર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર  કરવામાં આવી હતી. ભારતની આગામી મેચ આવતીકાલે સંયુક્ત આરબ અમીરાત સામે થશે.

..................

## AMARNATH YATRA-JAMMU

કડક સુરક્ષા વચ્ચે અમરનાથ ગુફાના દર્શન કરવા માટે જમ્મુના ભગવતીનગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં 3 હજાર 471 શ્રદ્ધાળુઓનો વધુ એક સમૂહ રવાના થયો.

આજે સવારે એકસો ચૌદ વાહનોમાં યાત્રાળુઓ નીકળ્યા હતા. તેમાંથી એક હજાર 73 તીર્થયાત્રીઓ બાલતાલ બેઝ કેમ્પ અને બે હજાર ત્રણસો 98 તીર્થયાત્રીઓ પહેલગામ બેઝ કેમ્પ માટે રવાના થયા હતા, જ્યાંથી તેઓ પવિત્ર ગુફાના દર્શન માટે આગળ વધશે.

..................